


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-31 ■ તા. 26-07-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# દેશમાં ૪૮ કલાકમાં અધધ... ૧ લાખ કેસ...!!

**દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧૩.૩૬ લાખને પાર, મૃત્યુઆંક ૩૧,૩૫૮એ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૩૨,૨૨૩ દર્દીઓ સાજા થયા,સૌથી વધુ ૧૩ હજાર ૧૩૨ મોત એકલા મહારાષ્ટ્રમાં સૌથી વધારે કેસ ધરાવતા રાજ્યોમાં મહારાષ્ટ્ર, તમિલનાડૂ અને આંધ્ર સૌથી આગળ, દિલ્હીમાં ટૂંક સમયમાં સિનેમાઘરોને ખોલી દેવાશે**

**છેલ્લા ૨૪ કલાકમાં ૪ લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા: આઇસીએમઆર**

### ભારતમાં માત્ર બે જ દિવસમાં આખા યુરોપ કરતા વધુ કેસ

જો કે કોઈ દેશ અથવા રાજ્યની કોઈ ખંડ સાથે સરખામણી બહુ કુદરતી જણાતી નથી, પરંતુ જો બંને વચ્ચે સમાનતા હોય તો તે રસપ્રદ બને છે. યુરોપ સાથે મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં દૈનિક કેસ આવતા હોય છે. વર્લ્ડ મીટર અનુસાર, યુરોપમાં અનુક્રમે બુધવાર, ગુરુવાર અને શુક્રવારે ૧૫૬૪૦, ૧૭૨૩૩ અને ૧૬૧૭૫ કેસ નોંધાયા છે. તે સ્પષ્ટ છે કે આ ત્રણ દિવસમાં મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં કેસ યુરોપ કરતા વધુ છે.



ન્યુ દિલ્હી,તા.૨૫

અન્ય દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોનાએ સ્થાયી મુકામ કર્યો હોય તેમ અનલોક-૨ના ૨૪મા દિવસે પણ ૪૯ હજાર જેટલા નવા કેસો ઉમેરાયા હતા, તો વધુ ૭૫૭ લોકોના મોત થયા હતા. આ સાથે જ કુલ કેસો હવે વધીને ૧૩ લાખને પાર એટલે કે ૧૩ લાખ ૩૬ હજાર ૮૬૧ થયો છે અને કુલ મૃત્યુઆંક વધીને ૩૧૩૫૮ થયો છે. આ ૪૮ કલાકમાં જ કોરોના સંક્રમણના નવા કુલ ૯૮,૨૨૬ કેસ પ્રકાશમાં આવ્યા છે, જે ૧ લાખની આસપાસ છે. આજે શનિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના શુક્રવારના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. જે દર્શાવે છે કે કોરોના ભારતમાંથી જલ્દી વિદાય લે એમ જણાતું નથી. કેસો ઘટવાને બદલે હવે દિવસે દિવસે વધી રહ્યાં છે અને છેલ્લાં બે-અઢી દિવસમાં જ એક લાખ કેસો સામે આવ્યાં છે. જો આ જ પ્રમાણમાં કેસો વધવાનું વલણ રહ્યું તો સોમવારે કેસો ૧૪ લાખને પાર કરી જાય તેમ છે. કુલ સક્રિય કેસોની સંખ્યા હવે ૪,૫૫,૦૮૯ થઇ છે અને સાજા થયેલા લોકોની સંખ્યા પણ ૮,૫૦,૧૦૭ થઇ છે. આમ સાજા થયેલાની સંખ્યા સારવાર હેઠળના કેસો કરતાં બમણી થઇ છે. જે એક સારી બાબત કહી શકાય. શુક્રવારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૯૬૧૫ , આંધ્રપ્રદેશમાં ૮૧૪૭ અને તમિલનાડુમાં ૬૭૮૫ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. જ્યારે મૃત્યુઆંક પણ વધીને ૩૦ હજારથી ઉપર જતાં . કોરોનાથી થતા મૃત્યુદરમાં ભારત ફ્રાન્સને પાછળ છોડીને યાદીમાં છઠ્ઠા ક્રમે પહોંચ્યુ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય મુજબ દેશમાં કોરોના સંક્રમણના દર્દીઓનો રિકવરી રેટ ૬૩.૪૫ ટકા છે જ્યારે મૃત્યુદર ૨.૩ ટકા છે. તો મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ કોરોના પોઝીટીવ આવતાં ભાજપમાં હલચલ મચી હતી.

આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૧૩ લાખને પાર થઇ ગયો હતો.. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૪૮૯૧૬ કેસ નોંધાતા કુલ કેસ ૧૩૩૬૮૬૧ થઈ ગયા છે.

જોકે, એક રાહતરૂપ બાબત સમાન ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૨૨૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૮૪૯૪૩૨ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૭૫૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોનાના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૩૧૩૫૮ સુધી પહોંચી ગઈ છે.દિલ્હીમાં ટૂંક સમયમાં સિનેમાઘરોને ખોલી દેવાશે. જેના માટે રાજધાનીના સિનેમાઘરોમાં તૈયારી શરૂ કરી દેવાઈ છે. PVR સિનેમાના CEO દત્તાએ કહ્યું કે, અમે સેનેટાઈઝેશન અને માસ્ક લગાડવા જેવા નિયમોનું પાલન કરીશું.મહારાષ્ટ્રના નાગપુરમાં શનિવાર અને રવિવારે જનતા કર્ફ્યૂ લગાડવામાં આવ્યું છે. આજે સવારે બજાર બંધ રહ્યા અને રસ્તા ખાલી જોવા મળ્યા. નાગપુરમાં અત્યાર સુધી ૩ હજારથી વધુ કેસ સામે આવી ચુક્યા છે.દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૩૫૭૧૧૭ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૩૧૩૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૯૭૪૯ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૩૩૨૦ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૨૮૩૮૯ કેસ નોંધાયા છે જ્યારે ૩૭૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.કર્ણાટક આ યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૮૫૮૭૦ કેસ નોંધાયા છે જ્યારે ૧૭૨૪ લોકોના મોત થયા છે. ત્યારબાદ આંધ્ર પ્રદેશ ૮૦૮૫૮ કેસ સાથે પાંચમાં અને ઉત્તર પ્રદેશ ૬૦૭૭૧ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે.અનલોક ભારતમાં કોરોના સંક્રમણના કેસોના વધતા પ્રમાણ પર નજર નાંખીએ તો ગયા ૨૧ દિવસમાં બે ગણા કેસ થયા છે. ૨ જૂલાઇના રોજ ભારતમાં કુલ કેસ ૬ લાખ હતા એની સામે ૨૪ જૂલાઇએ કુલ કેસ ૧૩ લાખથી વધી ગયા છે.

# અમેરિકીએ હ્યુસ્ટન ખાતેનું ચીની દૂતાવાસ સત્તાવાર રીતે બંધ કર્યું

વૉશિંગ્ટન,તા.૨૫

અમેરિકાના હ્યુસ્ટન શહેર ખાતે આવેલા ચીની વાણિજ્ય દૂતાવાસને શનિવારે સત્તાવાર રીતે બંધ કરી દેવામાં આવ્યું છે. ચાર દશકા પહેલા ખુલેલા આ દૂતાવાસને પહેલી વખત આ રીતે બંધ કરાવવામાં આવ્યું છે. થોડા દિવસો પહેલા અમેરિકાએ હ્યુસ્ટન ખાતેના ચીની દૂતાવાસને બંધ કરવા આદેશ આપ્યો હતો અને અમેરિકી એજન્ટ્સે દૂતાવાસની અંદર ઘૂસીને તેને બંધ કરાવી દીધું હતું. ત્યાર બાદ બંને દેશો વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઉલ્લેખનીય છે કે બંને દેશો વચ્ચે પહેલેથી જ કોરોના વાયરસના નિયંત્રણને લઈ વાકયુદ્ધ ચાલી રહ્યું છે. એક અહેવાલ પ્રમાણે અમેરિકાએ ચીનને ૭૨ કલાકની અંદર હ્યુસ્ટન ખાતેનું પોતાનું વાણિજ્ય દૂતાવાસ બંધ કરવા જણાવ્યું હતું. અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ લગાવેલા આરોપ પ્રમાણે તે જાસૂસી અને બૌદ્ધિક સંપત્તિની ચોરી માટેનું એક કેન્દ્ર છે. અમેરિકાના ટોચના અધિકારીઓએ વાણિજ્ય દૂતાવાસ પર અમેરિકામાં બેઈજિંગના જાસૂસી અભિયાનોમાં સામેલ થવાનો આરોપ પણ લગાવ્યો હતો.

હ્યુસ્ટનમાં વાણિજ્ય દૂતાવાસ બંધ કરવાના અમેરિકાના નિર્ણય પર પલટવાર કરતા ચીને શુક્રવારે ચેંગદૂ ખાતેનું અમેરિકી મહાવાણિજ્ય દૂતાવાસ બંધ કરવા આદેશ આપ્યો હતો. દૂતાવાસને બંધ કરવાનો આદેશ આપતી વખતે ચીને અમેરિકા પર પોતાની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાનો અને રાષ્ટ્રીય સુરક્ષાના હિતોને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. ટ્રમ્પ પ્રશાસન દ્વારા નક્કી કરવામાં આવેલી સમય મર્યાદા સમાપ્ત થાય તેના એક કલાક પહેલા જ વાણિજ્ય દૂતાવાસ પર લાગેલા ચીની ઝંડા અને સીલ હટાવી લેવામાં આવ્યા હતા. ત્યાર બાદ અમેરિકી અધિકારીઓએ ઈમારતને કબજામાં લઈ લીધી હતી. વહેલી સવારે વાણિજ્ય દૂતાવાસના કર્મચારીઓ ઈમારતમાંથી પોતાનો સામાન દૂર કરતા જોવા મળ્યા હતા.

# સિઆરપીએફના જવાને પોતાના સિનિયરને ગોળી મારી પોતે પણ આપઘાત કરી લીધો

ન્યુ દિલ્હી,તા.૨૫

પાટનગર નવી દિલ્હીના તઘલખ રોડ પર લોધી એસ્ટેટમાં કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહના બંગલા નંબર ૬૧ પાસે સીઆરપીએફના ઉશ્કેરાયેલા એક જવાને પોતાના ઈન્સપેક્ટરને ગોળી મારીને ઠાર કર્યા હતા. ત્યારબાદ એણે પોતે પણ આત્મહત્યા કરી હતી. ગોળી મારનાર જવાન સબ ઈન્સપેક્ટર કક્ષાનો હોવાની જાણકારી મળી હતી.

ઈન્સપેક્ટર પોતાના રૂમમાં જમી રહ્યા હતા ત્યારે ત્યાં જઈને સબ ઈન્સપેક્ટરે તેમને ગોળી મારી દીધી હતી. ત્યારબાદ પોતે ગાર્ડ રૂમ પાસે ગયો હતો અને ત્યાં પોતાને ગોળી મારી હતી. બંને ઑફિસર મરણ પામ્યા હતા. સબ ઈન્સપેક્ટર જમ્મુ કશ્મીરનો રહેવાસી હતો અને ઈન્સપેક્ટર હરિયાણાનો હતો. બંને બંગલા નંબર ૬૧ પર ફરજ બજાવતા હતા અને બંગલાના ગાર્ડ ક્વાર્ટરમાં સાથે રહેતા હતા.

તપાસ કરનારી પોલીસ ટુકડીએ જણાવ્યું હતું કે અમે શુક્રવારે રાત્રે સાડા દસ વાગ્યાની આસપાસ એવો સંદેશો મળ્યો હતો કે લોધી એસ્ટેટના બંગલા નંબર ૬૧ પાસે કેટલાક રાઉન્ડ ફાયરીંગ થયું હતું. અમે ત્યાં ધસી જઈને જોયું તો ઈન્સપેક્ટર અને સબ ઈન્સપેક્ટર બંને મરેલા પડ્યા હતા.

હવે દિલ્હી પોલીસ આવું કેમ બન્યું એની તપાસ કરી રહી હતી. છેલ્લા થોડા સમયથી સિક્યોરિટી દળોમાં ડિપ્રેશન અને હાઈપર ટેન્શનની ઘટનાઓ વધી રહી હતી. કોરોનાના કારણે પોલીસ અને સીઆરપીએફ જેવાં દળોમાં આત્મહત્યાની કે હત્યાની ઘટનાઓ વધી રહી હતી. આ અંગે મનોવિજ્ઞાનીઓએ તપાસ કરવી ઘટે એવું કહેવાય છે.

## ઓસ્ટ્રેલિયાએ સંયુક્ત રાષ્ટ્રમાં ઘોષણાપત્ર આપ્યુ

# દ.ચીન સાગરના બે વિવાદિત ટાપુઓ ચીનના ક્ષેત્ર સાથે જોડાયેલા નથી

મેલબર્ન,તા.૨૫

ઓસ્ટ્રેલિયાએ ચીન સામે મોટી ચાલ ચલી છે. શુક્રવારે રાત્રે ઓસ્ટ્રેલિયાએ સંયુક્ત રાષ્ટ્રમાં એક ઘોષણાપત્ર આપી કહ્યું કે દક્ષિણ ચીન સાગરના બે વિવાદિત ટાપુઓ ચીનના ક્ષેત્ર સાથે જોડાયેલા નથી. દક્ષિણ ચીન સમુદ્રના વિવાદિત વિસ્તારોમાં ચીનના અધિકારનો અમેરિકા પહેલેથી જ વિરોધ કરી રહ્યું છે.

ચીન દક્ષિણ ચીન સમુદ્રના સ્પ્રેટલી અને પાર્સલ આઈલેન્ડ્સ પર તેના અધિકારનો ભારપૂર્વક હક વ્યકત કરી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના નવા પગલાથી બંને દેશો વચ્ચે તણાવ વધી શકે છે. થોડા અઠવાડિયા પહેલા તે જ સમયે ચીની નૌસેનાએ વિવાદિત વિસ્તારમાં ઓસ્ટ્રેલિયનના જહાજોનો વિરોધ કર્યો હતો.

ઓસ્ટ્રેલિયાએ સંયુક્ત રાષ્ટ્રને એમ પણ કહ્યું છે કે સ્પ્રેટલી અને પાર્સલ આઈલેન્ડ પર ચીનના દાવા ખોટા છે અને આ દરિયાઇ કાયદાને લઇ ૧૯૮૨માં સંયુક્ત રાષ્ટ્ર કન્વેશન મુજબ નથી.

આપને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયા અને ચીન વચ્ચે તનાવ વધવા માંડ્યો હતો જ્યારે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસને કોરોના વાયરસની ઉત્પત્તિ અંગે તપાસની માંગણી કરી હતી.

ત્યારબાદ ચીને ઓસ્ટ્રેલિયાથી આયાત કરેલા માલ પર ટેરિફમાં નોંધપાત્ર વધારો કર્યો હતો.

ઓસ્ટ્રેલિયાએ સંયુક્ત રાષ્ટ્રને કહ્યું છે કે દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનને દાવો કરવાનો કોઈ કાયદેસર અધિકાર નથી. ઓસ્ટ્રેલિયા આંતરરાષ્ટ્રીય જળમાં એવા કોઈપણ દાવાને નકારે છે.


તો ઓસ્ટ્રેલિયાના વિદેશ અને રક્ષા મંત્રી રવિવારે વોશિંગ્ટનની મુલાકાતે જઈ રહ્યા છે જ્યાં બંને પ્રધાનો તેમના અમેરિકન સમકક્ષોને મળશે. આ દરમ્યાન ચીન સામેની નવી વ્યૂહરચના ચર્ચાનો મહત્વપૂર્ણ વિષય બની શકે છે.

## એકત્ર રકમનો ઉપયોગ નવા રોકાણ અને દાન માટે કરવામાં આવશે

# એસ ડી શિબૂલાલના પરિવારે ઈન્ફોસિસના ૮૫ લાખ શેર વેચ્યા

બેંગ્લુરુ,તા.૨૫

ઈન્ફોસિસના સહસ્થાપક એસ ડી શિબુલાલના પરિવારના સભ્યોએ ઈન્ફોસિસના ૮૫ લાખ શેર ૨૨-૨૪ જુલાઈ વચ્ચે વેચ્યા હોવાનું જણાયું છે. શિબુલાલના પુત્ર શ્રેયસે ૪૦ લાખ શેર, કે જે કંપનીનો ૦.૦૯ ટકા હિસ્સો થાય છે, તેને ૨૨, ૨૩ અને ૨૪ જુલાઈ વચ્ચે વેચ્યા હતા. શિબૂલાલની ઓફિસે આ અંગે એવું જણાવ્યું હતું કે એકત્ર રકમનો ઉપયોગ દાનમાં તેમજ નવા રોકાણ માટે કરાશે.અગાઉ શ્રેયસ શિબુલાલ કંપનીના શેરનો ૦.૬૬ ટકા હિસ્સો ધરાવતો હતો પરંતુ તેણે ૪૦ લાખ શેર એક્સચેન્જ પર વેચતા તેનો હિસ્સો ઘટીને ૦.૫૬ ટકા થઈ ગયો છે. આ ઉપરાંત ઈન્ફોસિસના સહસ્થાપકના જમાઈ ગૌરવ મનચંદાએ પણ ૧૮ લાખ શેર (૦.૦૪ ટકા હિસ્સો) અને તેના



પૌત્ર મિલન શિબુલાલ મનચંદાના નામે રહેલા ૧૮ લાખ શેર (૦.૦૩ ટકા હિસ્સો) સમાન તારીખમાં વેચ્યા હતા. આ અંગે કંપનીએ એક્સચેન્જને પણ એક યાદીમાં જણાવ્યું છે. શેર વેચાણ બાદ ગૌરવ મનચંદાનો કંપનીમાં શેર હિસ્સો ઘટીને ૦.૩૨ ટકા તેમજ મિલનનો હિસ્સો ૦.૩૩ ટકા રહ્યો છે. શિબુલાલના પત્ની કુમારીએ ૧૨ લાખ શેર (૦.૦૩) ટકા હિસ્સો વેચા તેમની પાસે ૦.૨૨ ટકા શેર હિસ્સો રહ્યો છે.

એસ ડી શિબૂલાલ સહિત એન આર નારાયણ મૂર્તિ અને પાંચ અન્ય લોકોએ મળીને ૧૯૮૧માં ઈન્ફોસિસની સ્થાપના કરી હતી. ૨૦૧૧-૨૦૧૪ વચ્ચે શિબૂલાલ આઈટી કંપનીના સીઈઓ અને એમડી પદે રહ્યા હતા. અગાઉ ૨૦૦૭-૨૦૧૧ સુધી તેઓ સીઓઓ તરીકે કાર્યરત હતા.

## વડાપ્રધાનના કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરી

# મુખ્યમંત્રી યોગી અયોધ્યામાં: રામલલ્લાના દર્શન કરી આરતી ઉતારી

લખનૌ,તા.૨૫

આગામી ૫ ઓગષ્ટના રોજ શ્રી રામજન્મભૂમિ મંદિરના ગર્ભગૃહમાં ભૂમિ પૂજન માટે અયોધ્યા આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમની તૈયારીની કમાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતે જ સંભાળી લીધી છે.સીએમ યોગી આદિત્યનાથ શનિવારે એટલે કે આજે બપોરે અયોધ્યા પહોંચ્યા હતા અને તેમણે રામલલ્લાના દર્શન કરીને તેમની આરતી ઉતારી હતી. તે સમયે ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને મુખ્ય પુજારી આચાર્ય સતેન્દ્ર પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શ્રી રામજન્મભૂમિ પરિસરમાં વડાપ્રધાન મોદીના આગમન માટે જે રૂપરેખા ઘડવામાં આવી છે તેની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી ઈચ્છે છે કે કાર્યક્રમમાં કશું એવું બને કે લોકોને તેનો અલગ સંદેશો મળે.

આ માટે મુખ્યમંત્રી પોતે જ અધિકારીઓ અને સાધુઓનો ફિડબેક મેળવી રહ્યા છે. તેઓ પોતે જ એક-એક જગ્યાએ જઈને અધિકારીઓ સાથે વાત કરી રહ્યા છે અને ભાવિ તૈયારીઓની સમીક્ષા કરી રહ્યા છે. મુખ્યમંત્રીએ સૌથી પહેલા હનુમાનગઢી ખાતે પૂજા-અર્ચના કરી હતી અને બાદમાં તૈયારીઓની સમીક્ષા કરી હતી.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનને આમંત્રણ આપવામાં આવ્યું છે પરંતુ હજુ સુધી તે આવશે કે કેમ તે નક્કી નથી. તે સિવાય કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને વધારે લોકો એકત્રિત ન થાય તેનું ધ્યાન પણ રખાઈ રહ્યું છે.

મુખ્યમંત્રી અયોધ્યા પહોંચ્યા તેના પહેલા સમગ્ર મંદિર પરિસરને સારી રીતે સેનિટાઈઝ કરી દેવામાં આવ્યું હતું અને મુખ્ય પુજારીએ તેમને ફૂલ માળા પહેરાવીને સન્માનિત કર્યા હતા.

## નક્સલીઓનું ગુજરાત સરકારને ઉથલાવવાનું હતું ષડયંત્ર

# નક્સલીઓનો આદિવાસી સંપ્રદાયને હિંસક બનાવવાનો પ્લાન હતો

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતમાંથી ૩ નક્સલીઓ ઝડપાવવા મુદ્દે મોટો ખુલાસો થયો છે. આ નક્સલીઓ કેમ આવ્યા હતા અને શુ ઉદ્દેશથી આવ્યા હતા તે અંગે કેટલીક ચોંકાવનારી વિગતો સામે આવી છે. નક્સલીઓનું ગુજરાત સરકારને ઉથલાવવાનું ષડયંત્ર હતું. ઝારખંડથી આવેલા નક્સલીઓ ષડયંત્ર રચી રહ્યાં હતા. નક્સલીઓ ગુજરાતમાં ઉશ્કેરણીના પ્રયાસમાં હતા. નક્સલીઓ ગુજરાતમાં સતીપતી સંપ્રદાયને ઉશ્કેરી રહ્યાં હતા. સંપ્રદાયના અનુયાયીઓએ ઉશ્કેરણીનો પ્રયાસ કર્યો હતો. ઉશ્કેરણી કરી સરકાર સામે કરવા આંદોલન માગતા હતા. રાજ્યના સતીપતી સંપ્રદાયને હિંસક બનાવવાનું આ ખૂબ મોટું ષડયંત્ર હતુ. માઓવાદી પત્રિકાઓ અને મુદ્રિત સામગ્રી પણ મળી આવી છે. શખ્સો પાસેથી ફોન અને લેપટોપ પણ મળી આવ્યા છે.

ગઇકાલે એટીએસએ વ્યારામાંથી ૩ નક્સલીઓની ધરપકડ કરી છે પથ્થલગડી આંદોલનમાં હિંસક પ્રવૃત્તિઓમાં સંકળાયા હતા. પ્રાપ્ત થતી જાણકારી પ્રમાણે, તાપીમાંથી ૨, દાહોદમાંથી એક શખ્સ ઝડપ્યો છે. આ શખ્સો સામુ ઓરેયા, બિરસા ઓરેયા અને બબિતા કછપની ધરપકડ કરવામાં આવી છે. કટાસવણ ગામેથી બંને શંકાસ્પદ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ઝારખંડથી આવેલા બંને શખ્સો છૂપાયા હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. ગુજરાત એટીએસએ ગુપ્ત ઓપરેશન હાથધરીને કાર્યવાહી કરી હતી. ઝડપાયેલા આ ત્રણેય નક્સલીઓ તેઓ ગુજરાતમાં નક્સલી પ્રવૃત્તિઓ ચલાવવા ષડયંત્ર કરતાં હતાં. આ ઘટનાને પગલે એટીએસના ડીઆઈજી સહિતના અધિકારીઓએ કાર્યવાહી હાથ ધરી છે.આ ઝડપાયેલા શખ્સોને અમદાવાદ એટીએસ લાવવામાં આવ્યાં છે. પ્રાપ્ત થયેલી વધુ જાણકારી પ્રમાણે ઝડપાયેલા આ નક્સલીઓ પથ્થરગડી ચળવળ સાથે સંકળાયેલા છે. આ રીતે તેઓ સતીપતી સંપ્રદાયના અનુયાયીઓની ઉશ્કેરણીનો પ્રયાસ કર્યો છે. ગુજરાતના સતીપતી સંપ્રદાયને હિંસક બનાવવાનું તેમણે ષડયંત્ર કર્યું છે. તેમજ આ શખ્સો પાસેથી માઓવાદી પત્રિકાઓ અને મુદ્રિત સામગ્રી કબ્જે કરવામાં આવી છે. આ શખ્સો પાસેથી મળેલા ફોન અને લેપટોપ કબ્જે કરાયા છે.

## તંત્રી લેખ

### ગુજરાત સરકાર દિલ્હી રાજ્યની જેમ ખાનગી શાળાઓ પોતાને હસ્તગત કરવા હિંમત બતાવશે ખરી.......?

દેશમાં કોરોનાએ વિકરાળ રૂપ ધારણ કરવા તરફ આગળ વધી રહ્યો છે..... સરકારે કોરોના સાંકળ તોડવા માટે કફર્યુ અને લાંબા સમયનુ lockdown લાગુ કરવા સહિતના પગલા લીધા... જેને કારણે મોટાભાગના દરેક પ્રકારના ઔદ્યોગિક એકમો, નાના-મોટા માર્કેટો, ધંધા-રોજગાર બંધ રહ્યા પરિણામે અનેક લોકોની આવક બંધ થવા સાથે કરોડો લોકોએ રોજગારી ગુમાવી દીધી. પછીથી અન લોક જાહેર કર્યા બાદ સરકારે અનેક છૂટછાટો આપી અને નાના-મોટા ઔદ્યોગિક એકમો, માર્કેટો સાથે રોજગાર ધંધા પણ ખૂલી ગયા. તેની સાથે મોંઘવારી પણ વધવા લાગી આજે મોંઘવારીએ માઝા મૂકી છે. પરિણામે આમ પ્રજા મુશ્કેલીમાં મુકાઈ જવા પામી છે. લોકોના ખિસ્સા ખાલી છે પરિણામે બજારોમાં ખરીદારો દેખાતા નથી કે પછી નહિવત દેખાય છે... સરકારે એનપીએ માફ કરવા સાથે મોટા ઉદ્યોગોને મોટા પ્રમાણમાં લોન તથા આર્થિક સહાય કરી. પરંતુ જેના થકી બજારો ધમધમતા રહે છે દરેક બજારોમાં ઝગમગતા રહે છે તેવા શ્રમજીવી વર્ગ, મધ્યમ વર્ગ, લોઅર મધ્યમ વર્ગ, રોજમદારો કે ગરીબોને કોઈપણ પ્રકારની સિધે સિધી આર્થિક સહાય આપી નહીં....પરિણામે મોટાભાગના શ્રમજીવીઓ, રોજમદારો સહિતના વર્ગોને તેમના પરિવારોને ખાવા-પીવા સહિતની વિષમ પરિસ્થિતિ ઊભી થતા વતનની વાટ પકડી લીધી. હવે સરકારે હર્ઈચ્છા સાથે જ તમામ પ્રકારના ધંધા રોજગારની છૂટ આપી દીધી... દરેક પ્રકારના ઔદ્યોગિક એકમો ખુલી ગયા છે ખરા.... પરંતુ તેમના મશીનો અને જરૂરી મહેનતના કામો બંધ છે કારણ તેમના ઉદ્યોગોમાં કામ કરનારા વતનથી આવવા હાલના સમયમા તૈયાર નથી.....!! અને કદાચ આવે તો દિવાળી પછી તેવી પરિસ્થિતી પેદા થઈ ગઈ છે....તો લોકોને પગાર કે કામના પૈસા મળે ત્યારે બજારમાં રોનક આવે એટલે બજારોમા નાણાંની હેર ફેર નથી દેખાઈ રહી.... ત્યારે સરકારે પોતાની જરૂરિયાત પૂરી કરવા આમ પ્રજાના પૈસાથી સરકારે ઉભા જાહેર સાહસો વેચવાની શરૂઆત કરી દીધી છે..... પરંતુ નવરત્ન જેવા જાહેર સાહસોની પુરે પુરી કિંમત મળતી નથી અને જો આ તમામ જાહેર સાહસો વેચાઈ જાય પછી સરકાર શું કરશે....? તેનાથી પ્રજામાં અનેક શંકા કુશંકાઓ ફરી વળી છે....!તાજેતરમા વિવિધ કૃષિ ઉત્પાદનો બજારમાં આવતા માર્કેટમાં થોડી ચમક આવી છે. લોકોમાં પૈસો હરતો ફરતો થયો છે પરંતુ સિઝન પૂરી થયા પછી શું......? જાહેર સાહસો વેચાઈ ગયા પછી યુવાનો માટે સરકારી નોકરીઓ હશે નહીં. દેશમાં ટેલેન્ટ માટે કોઈ પ્લેટફોર્મ ઉભા થયા નથી કે કરવામા આવ્યા નથી તો પછી દેશના ટેલેન્ટો આને દેશની હાલત કેવી થશે.....? તાજેતરમાં એક તરફ કોર્ટે ચૂકાદો આપ્યો કે શાળાઓ શરૂ ન થાય ત્યાં સુધી ક્લાસ ફી કે અન્ય કોઈ પણ પ્રકારની ફી લઈ શકશે નહીં. અને એજ સમયમાં ગુજરાત સરકારે પણ સ્કૂલો શરૂ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ ફી માફી જાહેર કરી દીધી છે.

જેની સામે શાળા સંચાલકોએ અને મંડળે સરકાર સામે ચેલેન્જ કરતા ઓનલાઈન શિક્ષણ આપશે નહીં તેવી જાહેરાત કરી. તો સામે સરકારે ધોરણ ૩ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનું આયોજન પણ કરી નાખ્યુ.... પરંતુ જે લોકોને શાળા શરૂ કરવા સરકાર મંજુરી આપે એજ લોકો સરકારને ચેલેન્જ આપે અને ગુજરાત સરકાર શાળા ટ્રસ્ટ કે સંચાલકો સામે આકરા પગલાં ન ભર્યા તેનાથી લોકોમાં આશ્ચર્ય સાથે અનેક શંકા-કુશંકાઓ અને સવાલો આમ પ્રજામાં ફરી વળ્યા છે. દેશના અન્ય રાજ્યોની શિક્ષણ નીતિ જોઈએ તો ઝારખંડ સરકારે સરકારી શાળાઓને વિશેષ મહત્વ આપ્યું છે અને તેની સ્પષ્ટતા છે કે સરકારી શાળામાં ભણેલાઓનેજ સરકારી નોકરીમાં સ્થાન આપવામાં આવશે.... તો રાજસ્થાન સરકારે ફી માફી આપી અને ત્યાં કોઈએ પણ સરકાર સામે ચુ...ચા ન કરી.જોકે ગુજરાતમાં માનવીય અભિગમ ધરાવતી ૨૨ જેટલી શાળાઓ એ સ્વયં ફી માફી આપી અને વાલીઓને રાહત આપી..... ત્યારે સૌથી અગત્યનું પગલું તો દિલ્હી રાજ્ય સરકારે બે-અઢી વર્ષ પહેલા ખાનગી શાળાઓ હસ્તગત કરવા સાથે તેને આધુનિક બનાવી દીધી અને શાળા ટ્રસ્ટ સંચાલકોને ઘરભેગા કરી દીધા તે છે...

# સુરેન્દ્રનગરના ૧૦ ગામોના ખેડૂતોએ પાણીને લઈ સરકાર પાસે કરી માંગણી

સુરેન્દ્રનગર,તા.૨૫

ભરચોમાસે વઢવાણ, ચુડા, લીંબડી તાલુકાનાં ૧૦ ગામોની હજારો વીઘા જમીન તરસી રહી છે. વઢવાણના વડોદ ડેમમાં પાણી ન હોવાથી સિંચાઈનો પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે ખેડૂતોએ શુક્રવારે ખાલી ડેમના કાંઠે દેકારો બોલાવ્યો હતો કે જે ડેમ પાસેથી પસાર થતી નર્મદાના કેનાલના સંપથી સૌરાષ્ટ્ર આખામાં નર્મદાનું પાણી પહોંચી શકે તો ત્યાં એક ગેટ ખોલવાથી શું સમસ્યા છે? સુરેન્દ્રનગર જિલ્લામાં ભરચોમાસુ હોવા છતા લીંબડી , ચુડા અને વઢવાણ તાલુકાના અમુક ગામો સિંચાઈ અને પીવાના પાણી માટે તરસ્યા છે . ત્યારે વડોદ ડેમમાં પાણી છોડવાની માંગ સાથે ખેડૂતો એકઠા થઈ હોબાળો કર્યો હતો. જેમાં ભાજપના આગેવાનો પણ જોડાતા લીંબડી વિધાન સભાની પેટા ચુંટણી પહેલા ગરમાવો ફેલાયો છે. ઝાલાવાડના માટે નર્મદાના નીર સંજીવની બની રહ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લામાંથી ભાવનગર, સૌરાષ્ટ્ર કચ્છનેને નર્મદાનું નીર મોકલાય છે.

ત્યારે જિલ્લામાં ભર ચોમાસે વડોદડેમમાં પાણી નથી. આથી વઢવાણ, લીંબડી અને ચુડા તાલુકામાં હજારો વીઘા જમીન તરસી છે. ત્યારે સિંચાઈના પાણીની માંગ સાથે શુક્રવારે ખેડૂતો વડોદ ડેમે પહોંચ્યા હતા . જ્યાં ખેડૂતોની સિંચાઈના પાણીની માંગને સુરપુરાવવા વઢવાણ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સુરેન્દ્રનગર વઢવાણ, ચુડા ભુપતસિંહ ગોહિલ અને ગામના સરપંચો પણ પહોંચ્યા હતા. આ અંગે વસ્તડીના રવજીભાઈ કોળી, નરેન્દ્રસિંહ ખુમાનસિંહ ગોહિલ, બલદાણાના પુર્વસરપંચ જોરૂભા અસવાર વગેરેએ જણાવ્યું કે ભાવનગર, વલ્લભીપુર તરફનો નર્મદા કેનાલમાં પાણી વહી રહ્યું છે જો કેનાલનો દરવાજો ખુલ્લો મુકાય તો ડેમમાં પાણી આવે તેમ છે.હાલ વસ્તડી, વડોદ, ટુવા, મોરવાડ, ચુડા, બલદાણા, રાસકા, બોડીયા, ઉધલ વગેરે ગામોની હજારો વીઘા જમીન સિંચાઈનું પાણી માંગી રહી છે. આથી વરસાદ પુષ્કળ પડે અથવા વડોદ ડેમ ભરાય તો જે સિંચાળના પાણીની સમસ્યા દૂર થાય તેમ છે. હાલ કપાસ, જુવાર, એરડા, મરચા, તલ સહિતના પાકો સુકાઈ રહ્યા છે. આગામી સમયમાં ખેડૂતોને સિંચાઈનું પાણી મળે તો પેટા ચુંટણીમાં અમો પાણી બતાવી



દઈશું. આથી ખેડૂતોને પાણી આપવામાં રાજકારણ ન રમાય અને પાણી આપવામાં આવે તેવી લાગણી અને માંગણી છે ધારાસભ્ય સાંસદસભ્ય સિંચાઈ વિભાગ નર્મદા વિભાગ તમામ ને બે વર્ષથી લેખિત ફરિયાદ કરી પણ પરિણામ શૂન્ય આવ્યું છે.

### ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૪૦ તાલુકામાં વરસાદ

# તોફાની બેટિંગ સાથે માણસા અને સાવરકુંડલામાં ૪ ઈંચ ખાબક્યો

**છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ**

અમદાવાદ,તા.૨૫

રાજ્યમાં હળવાથી ભારે વરસાદની આગાહી વચ્ચે ગત ૨૪ કલાકમાં રાજ્યના ૧૪૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ૧૩ તાલુકામાં ૨ ઈંચથી વધુ અને ૨૬ તાલુકામાં ૧ ઈંચથી ૨ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે.

જેમાં સૌથી વધુ વરસાદ ગાંધીનગરના માણસા અને અમરેલીના સાવરકુંડલામાં ૪-૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે તાપીના સોનગઢ અને મહેસાણાના કડીમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ ગાંધીનગરના માણસામાં ચાર ઈંચ પડ્યો છે. તો અરવલ્લીના સાવરકુંડલામાં પણ ચાર ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. તાપીના સોનગઢ અને મહેસાણાના કડીમાં પોણા ચાર ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. મહેસાણાના બહુચરાજી તાલુકાના અજબપુરામાં ગત રાત્રે વીજળી પડી હતી. નર્મદેશ્વર મહાદેવ મંદિર ઉપર વીજળી પડી હતી. વીજળી પડવાથી મંદિરને ભારે નુકસાન થયું હતું. તેમજ ઘુમ્મટના ભાગને પણ મોટું નુકસાન પહોંચ્યું છે.

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫ તાલુકામાં બે ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. તો રાજ્યના ૪૦ તાલુકામાં ૧ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા દરમિયાન રાજ્યના ૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. પોરબંદરના રાણાવાવ, જૂનાગઢનાં વંથલી અને ગીર સોમનાથના કોડીનારમાં અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

રાજુલાના હિંડોરણા ગામની ઘાતરવડી નદીમા પાણી આવતા સ્થાનિકો દ્વારા ડ્રાયવર્ઝન તોડાયું હતું. વહેલી સવારે પાણી ગામમા ઘુસે તેવી શક્યતાને લઈને ગામ લોકોએ ડ્રાયવર્ઝન તોડવાની ફરજ પડી હતી. મોડી રાતે ઘાતરવડી ડેમ ૨ નો દરવાજો ખોલાતા ઘાતરવડી નદીમાં પૂર આવ્યું છે.

મહેસાણાના કડીમાં મોડી રાત્રે અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે થોળ રોડ પર અંડરપાસમા પાણી ભરાયું હતું. પાણી ભરાયેલા અંડરપાસમાં ૨ આઈસાર ટ્રક ડૂબી ગઈ હતી. જોકે, ટ્રકમાં સવાર બે ડ્રાઈવરોને બચાવી લેવાયા હતા. બંને ડ્રાઈવરને સમયસર રેસ્ક્યૂ કરીને બહાર કાઢી લેવાયા હતા.

# જેસીબી ચાલકની બેદરકારીથી ૭ માસના બાળકનું મોત

ભરૂચ,તા.૨૫

ભરૂચની પાનોલી જીઆઈડીસીમાં એક ગમખ્વાર દુર્ઘટનાના સમાચાર મળી રહ્યા છે. આ ઘટનામાં એક જેસીબી નીચે કચડાઈ જવાથી ૭ માસના બાળકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. પહેલી નજરે જોનારાઓ પણ દ્રવી ઉઠ્યા હતા. ભરૂચની પાનોલી જીઆઈડીસીમાં ખાતર બનાવતી કંપની મેસર્સ પુષ્પા જે. શાહમાં આ ઘટના બની હતી. આ ઘટના બન્યા બાદ જેસીબીનો ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, કંપની બહાર સાત માસનું બાળક ક્રિશને જેસીબીએ અડફેટે લેતા મોત નિપજ્યું છે. આ અંગે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનાની મળતી માહિતી, ભરૂચના પાનોલી જીઆઈડીસીમા જેસીબી નીચે કચડાઈ જવાથી ૭ માસના બાળકનું મોત નીપજ્યું છે આ ઘટનામાં બીલવાડના રહેવાસી મુકેશભાઈ દીનાભાઈ મેસર્સ પુષ્પા જે કંપનીમાં નોકરી કરે છે.

મુકેશભાઈને સંતાનમાં એક દીકરી અને સાત મહિનાનું બાળક છે. મુકેશભાઈની પત્ની પણ મેસર્સ કંપનીમાં મજૂરીકામ કરે છે. તેમના પરિવાર કંપનીએ આપેલી એક ઓરડીમાં રહે છે. ત્યારે ગઈકાલે બપોરના સમયે તેમો બાળક કેમ્પસમાં રમતો હતો ત્યારે કંપનીનું જેસીબી મશીન માટી ભરવા માટે આવ્યું હતું. ત્યારે જેસીબીના ડ્રાઈવર ઈલેશ ડામોર પૂરઝડપે મશીન હંકાર્યું હતું. આવામાં તેઓએ પાછળ પોતાનો દીકરો રમતો હોઈ જેસીબી ધીરેથી હંકારવા પણ ડ્રાઈવરને ટકોર કરી હતી. પરંતુ ડ્રાઈવર ઈયરફોન નાંખીને જેસીબી ચલાવતો હોવાથી તેણે સાંભળ્યું ન હતું. ડ્રાઈવરે જીસીબી હંકારીને બાળકને અડફેટે લીધો હતો. જેથી માસુમ બાળકના માથા પરથી જેસીબીનું ટાયર ફરી વળ્યું હતું.

આ અકસ્માતમાં બાળકનું માથું ફાટી ગયું હતું. ઘટના સ્થળે જ માસુમ બાળકનું મોત નિપજ્યું હતું. બાળકના માથાના બે ભાગ થઈ ગયા હતા. જેસીબી મશીન ગફરત ભરી અને બેફિકરાઈથી હંકાર્યા બાદ ડ્રાઈવર ઈલેશ ત્યાથી ભાગી છૂટ્યો હતો. આ અંગે બાળકના પિતાએ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# રાજ્યમાં આગામી ત્રણ દિવસ ધોધમાર વરસાદની વકી

ગાંધીનગર,તા.૨૫

કોરોના મહામારી વચ્ચે રાજ્યમાં આગામી ત્રણ દિવસ વરસાદ મામલે હવામાન વિભાગે આગાહી આપી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ત્રણ દિવસ હળવાથી ભારે વરસાદ પડી શકે છે. ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમના પવન ફૂંકાતા આગામી ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી આપવામાં આવી છે. આગાહી પ્રમાણે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ અને દક્ષિણ ગુજરાતના વલસાડમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. માછીમારો માટે પણ અલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. બીજી બાજુ શુક્રવારથી જ રાજ્યમાં મેઘરાજાની પધરામણી થઈ ગઈ છે.

હજુ આજે આવતી કાલે અને પરમદિવસે ગુજરાતમાં તોફાની પવન સાથે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૨૫થી ૨૭ જુલાઈ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.

અરબી સમુદ્રમાં અનુકૂળ પરિસ્થિતિ ઊભી થતાં ગુજરાતમાં વરસાદ આવી શકે છે. હાલ રાજ્યના અમુક વિસ્તારોમાં વરસાદની ઘટ જોવા મળી રહી છે. ત્યારે હવે હવામાન વિભાગે રાજ્યના અલગ અલગ વિભાગમાં થન્ડરસ્ટોર્મની આગાહી આપી છે. આજથી રાજ્યમાં સારા વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતઅને સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આજે ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડમાં વરસાદની આગાહી કરાઈ છે. તો અમરેલી, ગીર સોમનાથ, ભાવનગરમાં પણ આજે વરસાદની આગાહી કરી છે. આવતી કાલે પોરબંદર, દ્વારકા, જૂનાગઢમાં વરસાદની શક્યતા છે. ગીર સોમનાથ, દાદરા નગરહવેલીમાં પણ કાલે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ જુલાઈના જૂનાગઢ, અમરેલી, પોરબંદરમાં વરસાદ રહેશે. ૨૭ જુલાઈના દ્વારકા, વલસાડ, નવસારીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરામાં વરસાદી ઝાપટાની શક્યતા છે.

## કોરોના કહેર: રાજકોટમાં ૧૯ ઓગસ્ટ સુધી પર્યટન સ્થળો પર મૂકાયો પ્રતિબંધ


રાજકોટ,તા.૨૫

શ્રાવણ માસમાં લોકમેળા અને પર્યટન સ્થળો પર કોરોનાનું ગ્રહણ લાગ્યુ છે. રાજકોટમાં લોકમેળા બાદ પર્યટન સ્થળો પર પણ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરે પાટણવાવમાં આવેલા ઓસમ ડુંગર અને તેની આસપાસના પર્યટન સ્થળો પર જવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ જાહેરનામું ૧૯ ઓગસ્ટ સુધી અમલી રહેશે.રાજકોટ જિલ્લાના પાટણવાવમાં આવેલ ઓસમ પર્વત એક પ્રવાસન સ્થળ છે અને આ પર્વત પર ટપકેશ્વર મહાદેવ મંદિર, માત્રી માતાજી મંદિર, તેમજ ભીમનાથ મહાદેવ મંદિર સહિત અનેક નાના મોટા રમણીય તળાવો આવેલ છે. જેથી ભક્તો મંદિરોમાં દર્શન કરવા જાય તેવી પુરી શક્યતા છે. તેમજ હાલમાં સમગ્ર રાજ્યમાં મંદિરમાં દર્શન કરવા જવાની છુટ હોય, જેના કારણે પ્રવાસીઓ તેનો ફાયદો ઉઠાવી દર્શનના બહાને પર્વત પર બિનજરૂરી ફરવા નિકળે છે.

જેને ધ્યાને લઈને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.કોરોનાની મહામારીના કારણે આ વખતે શ્રાવણ માસનો જન્માષ્ટમીનો લોકમેળો યોજાશે નહીં. દર વર્ષે જન્માષ્ટમીનો ૫ દિવસ મેળો યોજાતો હોય છે.

### અંતરનાં આયનામાં.... (લેખાંક -૧૨)

**વર્ષા જાની**



"અભિમાન ના કરો કોઈ,
એકદિન મરીજવાનું

મનનાં જે છે વિચારો
મનમાં રહી જવાના !

શાને કરો છો મારું?
તલભર નથી તમારું !

અંતે તો નાશ થવાનું..
એક દિન મરી જવાનું"

અભિમાન, ઘમંડ.... શેના માટે હોતું હશે! નવાઈ પમાડે એવી વાત છે ને?આપણે માણસ, સતત મૂલ્યાંકન કરનારા, કોઈની કોઈ બાબતે સરખામણી કરનારા ! ઘણીવાર બીજાને માટે કોઈના મૂખે સાંભળવા મળતું હોય છે કે ' એતો બહું જ અભિમાની છે, એને તો રૂપિયાનો ઘમંડ છે, કે રૂપનું અભિમાન છે! વગેરે.. વગેરે..

પણ આવું બધું શા કારણે? શેને માટે હોવું જોઈએ? અરે ભાઈ ! જે તે ચીજ આપણને મળી છે તે ખુદના જ પુણ્યબળે પ્રાપ્ત થઈ હોય છે, અને એ ખૂદ જીવ પોતેજ પોતાના માટે ભોગવવાનો હોય છે ! તો પછી એનો દેખાડો કે રુઆબ શું કામનો? પણ એમ નહીં, અમે તો સમાજમાં રહેનારા, મોટાઈ, બડાઈ તો ક્યાંક બતાડવી જ પડે ને? I am some thing ! બનીને ફરનારાઓની જાણે કે હોડ લાગી છે ! પણ એને કોણ સમજાવે કે...... you are nothing !

જે માણસ માણસાઈથી પોતાનો જીવન ધર્મ ખરાં અર્થમાં બજાવી જાણે, પચાવી જાણે એને પછી અભિમાન જેવો રોગ સતાવતો હોતો નથી! ઘણીવાર અભિમાનના પૂછડાંને વળગીને ફરતો રહેતો માણસ યોગ્ય સમયે મળેલી તક ઓળખી કે ઝડપી શકતો હોતો નથી . એ મળેલી તક ક્ષણિક હોય છે, જે પકડે એ ફાવે !

Time and tide
Wait for none !

ભૌતિકતામાં રચ્યો પચ્યો જીવ ભોગ વિલાસ સિવાય કશું ય ધ્યાનમાં લેતો નથી .

જીવન વિશેની સમજ મેળવવામાં, અને કદાચ મળે તો પછી એને કેળવવામાં ઉણો ઉતરે છે !

જીવન તો નાશવન્ત છે. "એ સનાતન સત્ય જો જીવનમાં ધ્રુવમન્ત્ર બની રહે તો પછી ઘમંડની

કાંચળી મન ઉપર આવરણ બની શકતી નથી.

ભગવદ્ગીતામાં ભગવાન જન્મ મરણનાં લેખા જોખા આપણી સમક્ષ ઉત્તમ પ્રસાદ રુપે ધરે છે.

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शचितुमर्हसि।।

અર્થાત, ખરેખર જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ પામેલાનો જન્મ નિશ્ચિત છે. તેથી આ નિવારી ન શકાય તે બાબતમાં શોક કરવો તને યોગ્ય નથી.

જે જન્મ પામે છે તેણે મરવાનુ પણ છે, અને નાશ પામ્યા પછી ફરી નવ સર્જન થશે. આમ જીવન જો એનાં સ્વભાવથી જ જન્મમરણનાં પ્રવાહ ચક્રમાં ફર્યા કરતું હોય તો આ અનિવાર્ય વ્યવસ્થા સામે બુદ્ધિશાળી મનુજે શોક કરવો ન જોઈએ. પણ તેમ છતાં ય આપણે આપણા કોઈ સ્વજન ગુમાવ્યા પછી, એનાં મૃત્યુ પાછળ ઘોર વિલાપ કરીને શોક કરીએ છીએ ! જાણીએ છીએ કે એનું પાછું આવવું શક્ય જ નથી. આપણી જ નજર સામે એ સ્થૂળ નાશવન્ત દેહની અંતિમ ક્રિયા પણ પરિપૂર્ણ થઈ ગઈ હોવા છતાંય આપણે આપણા સ્વાર્થને ખાતર એ જીવની પાછળ શોક વિલાપ કરતાં જ રહીએ છીએ ! પણ ભગવાનને એ મંજુર નથી.

માત્ર બે જ શબ્દોમાં શ્રીકૃષ્ણ શાણપણ ભર્યું જીવન દર્શન આપે છે. "હસતા રહો"....

વર્ષા જાની
ભાવનગર
૨૬ જુલાઈ ૨૦૨૦

### મોરબીમાં ૬૦ જેટલા આગેવાનોએ ભાજપનો ખેસ ધારણ કર્યો

મોરબી,તા.૨૫

મોરબીમાં આજે કોંગ્રેસના વધુ ૬૦ જેટલા આગેવાનોએ કેસરિયો ધારણ કર્યો છે. પેટાચુંટણી પહેલા કોંગ્રેસમાં સતત મોટા ગાબડા પડી રહ્યા છે. આજે યોજાયેલ કાર્યકર્મમાં આઈ કે જાડેજા અને મંત્રી સૌરભ પટેલની આગેવાનીમાં માળિયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને બે મોરબી તાલુકા પંચાયતના ૨ સભ્યો સહિત ૬૦ જેટલા આગેવાનો ભાજપ પ્રવેશ કર્યો હતો. આજે યોજાયેલ કાર્યકમમાં ભાજપના સંભવિત ઉમેદવાર બ્રિજેશ મેરજાએ ભાંગરો વાટ્યો હતો અને સી આર પાટીલને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ બનાવી દીધા હતા. મોરબીમાં આજે કોંગ્રેસના વધુ ૬૦ જેટલા આગેવાનોએ ભાજપમાં પ્રવેશ કર્યો હતો. પ્રભારી આઈ કે પટેલ અને મંત્રી સૌરભ પટેલ તેમજ સાંસદ મોહનભાઈ કુંડારિયાની હાજરીમાં માળિયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ આર.કે.પારેજીયા તેમજ મોરબી તાલુકા પંચાયત સભ્ય મણીલાલ બાવરવા તેમજ ભાનુભાઈ રાઠોડે પણ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો.

# પત્નીને ગિફ્ટ આપવાના બહાને ૧.૭૭ લાખના દાગીના ચોરી ચોર ફરાર

અમદાવાદ,તા.૨૫

શહેરમાં બનતા ગુનાઓમાં ખાસ ચોર અને લૂંટ પાછળ જ્યારે કોઈ આરોપી પકડાય તો તે રીઢો હોવાનું સામે આવે છે અથવા તેની પાછળ કોઈ મજબૂરી હોવાનું સામે આવે છે. ક્યારેય તેઓ ચોરી કે લૂંટ કરવા જાય ત્યારે કોઈ પરિવારજનના નામનો ઉલ્લેખ કરતા હોય તેવું સામાન્ય રીતે તો બનતું નથી.

પણ અમદાવાદમાં એક એવો ગજબ કિસ્સો આવ્યો છે જે જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. શહેરના એક વિસ્તારમાં એક જવેલર્સ શોપમાં બે ગઠિયાઓ ખરીદી કરવાના બહાને ઘુસી ગયા હતા.

પણ તેઓને ડર હતો કે દુકાનદારને જાણ થશે તો પકડાઈ જશે. તેથી અચાનક જ લૂંટારુઓ એ પત્નીને ગિફ્ટ આપવાનું કહી દુકાનદારને વિશ્વાસમાં લઈને ચોરી કરી હતી.

તસ્કરોને તો ચોરી કરવામાં કામયાબી મળતા જ ×હર કામયાબ પતિ કે પીછે પત્ની કા હાથ હોતા હે કહેવત તે લોકો માટે સાર્થક થઈ પણ દુકાનદાર માટે ×ચેતતો નર સદા સુખી' કહેવત લાગુ પડી છે. અમરાઈવાડીમાં રહેતા કૌશિકભાઈ શુક્લા આઝાદ ચોક પાસે એસ.પી. જવેલર્સ નામની દુકાન ધરાવે છે. ગઈકાલે તેઓ તેમની દુકાને હાજર હતા. ત્યારે એક ૪૫ વર્ષીય અજાણ્યો વ્યકતિ આવ્યો હતો. તેણે દાગીના જોવા માંગી તેમાંથી અમુક દાગીના ખરીદવાની વાત કરી હતી. બાદમાં તે ચોરી કરવાના ઈરાદે તો આવ્યો હતો પણ પકડાઈ જવાનો સતત ડર તેને સતાવી રહ્યો હતો. જેથી તેને કૌશિકભાઈને કહ્યું કે,

પત્નીને ગિફ્ટ આપવી હોવાથી તેના માટે કંઈક બતાવે. કૌશિકભાઈ બીજા દાગીના બતાવતા હતા, ત્યાં બીજો વ્યક્તિ આવ્યો હતો જે આ જ ચોરનો સાગરીત હતો.

અમુક પ્રકારના દાગીના જોયા બાદ બને શખશો એક બાદ એક દુકાનમાંથી રવાના થયા હતા. બાદમાં કૌશિકભાઈએ જોયું તો દુકાનમાંથી ૧.૭૭ લાખના દાગીના ગાયબ હતા.

જેથી આ બને ગઠિયાઓ પત્નીને ગિફ્ટ આપવાનું બહાનું કરીને નજર ચૂકવીને ચોરી કરી ગયા હોવાનું સામે આવતા અમરાઈવાડી પોલીસને જાણ કરતા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001